સમરસ છાત્રાલયોના મકાન પર સોલર રૂફટોપ સિસ્ટમ લગાવવાની કામગીરી અર્થે રૂ.૧૦.૪૮ કરોડ(અંકે રૂપિયા દસ કરોડ અડતાળીસ લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હસ્તક મૂકવાં બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSJED/SHP/e-file/17/2025/0069/K
સચિવાલય, ગાંધીનગર.
તા. As per e-sign

**વંચાણે લીધાઃ–**

(૧)ક્લાયમેટ ચેન્જ વિભાગનો તા.૧૬–૧૦–૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ CLCD/BDG/e-file/26/2023/0800/B

(૨)ક્લાયમેટ ચેન્જ વિભાગનો તા.૧૭–૧૨–૨૦૨૪નો હુકમ ક્રમાંકઃ CLCD/MSM/e-file/26/2024/0537/B

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટ શાખાનો તા.૨૪–૧૨–૨૦૨૪ના પત્ર ક્રમાંક– SJED/MSL/e-file/17/2024/2725/B

**આમુખઃ–**

સરકારશ્રીના ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી CLC-4 ગ્રીન સોલાર પ્રોજેક્ટ હેઠળ ગુજરાત રાજ્યની સરકારી કચેરીઓ, સરકારી રહેણાંક પર ૪૦ મેગાવોટ રૂફટોપની સ્થાપના અંગેની યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ની અંદાજપત્રીય જોગવાઈ અન્વયે રૂ.૧૦૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી. ઉક્ત જોગવાઈ પૈકી વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના હુકમથી ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા રૂ.૧૦.૪૮ કરોડ( અંકે રૂપિયા દસ કરોડ અડતાળીસ લાખ પૂરા) (મૂડી સદરે) ની રકમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને IFMS હસ્તક ફાળવવામાં આવેલ હતી.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૨) હુકમના અનુસંધાને વિભાગની બજેટ શાખાના વંચાણે લીધેલ ક્રમાંક(૩) ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી દ્વારા ક્લાયમેટ ચેન્જ વિભાગના પરામર્શમાં રહી સમરસ છાત્રાલયોના મકાન પર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવાને લગતી કાર્યવાહી કરવામાં આવનાર હોઈ, વિભાગને IFMS મારફત મળેલ રૂ.૧૦.૪૮કરોડ(અંકે રૂપિયા દસ કરોડ અડતાળીસ લાખ પૂરા)(મૂડી સદરે)ની ગ્રાન્ટને ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળ મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:–**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા સોલાર રૂફરોપ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ પૈકીની વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી આ વિભાગને માંગણી ક્રમાંક:૧૦૮ હેઠળ સદર ક્રમાંક : ૪૮૧૦–૦૦–૧૦૧–૦૧ હેઠળ મળેલ રૂ.૧૦.૪૮ કરોડ (અંકે રૂપિયા દસ કરોડ અડતાળીસ લાખ પુરા)ની ગ્રાન્ટને ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હસ્તક આવેલ સમરસ છાત્રાલયોના મકાનો ઉપર CAPEX MODEL આધારીત ૪૦ મેગાવોટ સોલાર રૂફટોપ પ્રોજેકટની યોજનામાં ઉપયોગમાં લેવા માટે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીને નીચેની મોડાલીટી અને શરતોને આધીન ફાળવવા માટે મંજૂરી આપવામાં આવે છે.

**મોડાલીટી:–**

(૧)ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીએ રાજ્યમાં આવેલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ(GUVNL)/DISCOMS ના સંકલનમાં રહી લાગુ પડતા DISCOMS માં સમાવિષ્ટ વિસ્તાર મુજબ

GUVNL/DISCOMS દ્વારા અધિકૃત કરેલ (Empanelled) એજન્સીઓ પાસેથી રૂફટોપ સોલાર સિસ્ટમ માટેના ભાવપત્રક મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી અને પસંદગી કરવાની રહેશે.

(૨) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીએ ટેન્ડર પ્રક્રિયા દ્વારા મેળવેલી સૌથી ઓછી કિંમત (L1)ની બિડના આધારે એજન્સીઓની પસંદગી કરવાની રહેશે.L1થી બિડ દર સોલાર રૂફટોપ સિસ્ટમની પ્રતિ kW ક્ષમતા દીઠ નક્કી કરવાની રહેશે.

(૩) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી દ્વારા સ્થાપવામાં આવનાર રૂફટોપ સોલાર સિસ્ટમની નોંધણી ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાના પોર્ટલ પર કરવાની રહેશે.

(૪) નેટ મિટરિંગ મિકેનિઝમ સાથે ગ્રીડ કનેક્ટેડ સોલર રૂફટોપ સિસ્ટમ્સનો વપરાશ કરવાનો રહેશે.

(૫) અધિકૃત એજન્સીઓ દ્વારા ૫-વર્ષનો કોમ્પ્રિહેન્સિવ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (CMC) આપવામાં આવશે. ત્યારબાદ સિસ્ટમની જાળવણી ગ્રાન્ટ મેળવનાર ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી દ્વારા કરવામાં આવશે.

**શરતો:-**

(૧) સને ૨૦૨૪-૨૫ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહી નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે અને વર્ષના અંતે યોજના હેઠળની બચત સરન્ડર કરવાની રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલી જોગવાઈઓ અને લાગુ પડતાં ધારાધોરણોને આધીન નિયત કરાયેલ પધ્ધતિથી કરવાનો રહેશે. યોજના હેઠળ ખરીદી ઉદ્યોગ અને ખાણ વિભાગની પ્રવર્તમાન ખરીદ નીતિ મુજબ કરવાની રહેશે.

(૪) યોજના હેઠળની બચત વર્ષના અંતે બચતના કારણો સહિત સુપરત કરવાની રહેશે.

(૫) પ્રસ્તુત યોજનાના ઉપયોગિતા પ્રમાણપત્ર વર્ષના અંતે બિનચૂક રજૂ કરવાના રહેશે.

(૬) ત્રિમાસિક પ્રગતિ અહેવાલ તથા ખર્ચની વિગતો નિયત સમયે રજૂ કરવાની રહેશે.

(૭) પ્રસ્તુત યોજનાના નિયત કરવામાં આવેલ લક્ષ્યાંકો વર્ષ ૨૦૨૪-૨૫ માં નિયત સમયમાં તેમજ નિયત જોગવાઈના મર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

(૮) આ યોજનાના લક્ષ્યાંકો અન્ય યોજના સાથે બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

(૯) યોજના હેઠળની તાંત્રિક બાબત અંગે જરૂર પડ્યે સક્ષમ તાંત્રિક અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અંદાજપત્રના સામેલ પત્રકમાં દર્શાવેલ સદરે ઉધારવાનો રહેશે.

(૧૧) કલાયમેટ ચેન્જ વિભાગને કલેઈમ પ્રોગ્રેસની વિગતો દર મહિને મોકલી આપવાની રહેશે.

(૧૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ નિયત સમય મર્યાદામાં થાય તે ખાસ જોવાનું રહેશે. જેથી કરીને ત્રિમાસિક ગાળા દરમિયાન ફાળવેલ ગ્રાન્ટનો પૂરેપુરો ઉપયોગ થઈ શકે.

(૧૩) CM Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી તેનો રીપોર્ટ સરકારશ્રીને રજુ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચમાં નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવ તથા ક્રમાંક(૨)ના હુકમથી નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

સદર ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ–ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ની તા.૦૪/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KAUSHALKUMAR C LANGHNODA
Reason: resolution sign
Location: Ahmedabad, India
Date: 10-Feb-2025 (04:22 PM)

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાનાઃ–**

(૧) સંયુક્ત સચિવશ્રી, રોકડ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી અને નિયામકશ્રી(અ.જા.ક.), ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી,બ્લોક નં–૪/૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) ઉપસચિવશ્રી,બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નાયબ સચિવશ્રી(બજેટ), કલાયમેટ ચેન્જ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની સાઈટ પર ઠરાવ પ્રસિદ્ધ કરવા અર્થે. )

(૧૦) સિલેકટ ફાઈલ–૨૦૨૫.